# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JANMASTHMI

આજના કૃષ્ણન્મોત્સવની ઉજવણી રાજ્યભરમાં ભક્તો કૃષ્ણમય બનીને કરી રહ્યાં છે.. પવિત્ર તીર્થસ્થાન દ્વારકા, ડાકોર અને શામળાજી સહિતના તીર્થોમાં કૃષ્ણભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે.. રાત્રીના બાર વાગ્યે ભગવાનના જન્મોત્સવની દ્વારકામાં ઉજવણીનો થનગનાટ જોવા મળી રહ્યો હોવાનું અમારા દ્વારકાના પ્રતિનિધિ કરણ જોષીએ પોતાના અહેવાલમાં જણાવ્યું હતું.

(વોઇસ કાસ્ટ – કરણ જોષી, દ્વારકા)

અરવલ્લીમાં આવેલા શામળાજી તીર્ખસ્થાન ખાતે મંગળા આરતીમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી અને હાલમાં પણ ભગવાના ચરણોમાં શીશ ઝુકાવવા હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા હોવાનું અને સાંજના યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે  શામળાજી મંદિરના પૂજારી પરેશભાઇએ માહિતી આપી હતી

(બાઇટ- પરેશભાઇ, પૂજારી , અરવલ્લી)

મધ્ય ગુજરાતના તીર્થસ્થાન ડાકોરમાં પણ વિશેષ ઉજવણી થઇ રહી છે. આજના આ પાવન દિવસે મહિસાગરના ખાનપુરના કલેશ્વરી દેવીના મંદિર ખાતે મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.. બોટાદમાં પણ ભવ્ય શોભાયાત્રમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને કૃષ્ણભક્તિમાં લીન બન્યા હતા.

. . . . . . . . . . .

# BHARUCH LOKMELO

ભરૂચમાં મેઘરાજા અને જન્માષ્ટમીના તહેવારમાં ભરતા ભાતીગળ મેળા માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો છે. પોલીસ વિભાગ દ્વારા ડ્રોન કેમેરા, સીસીટીવી કેમેરા સહિત પોલીસ મદદ માટે કંટ્રોલ રૂમ પણ ઊભો કરવામાં આવ્યો છે. જ્યાંથી સમગ્ર વિસ્તારમાં નજર રાખવામાં આવશે. પોલીસ વિભાગ દ્વારા મેળામાં ફરવા આવતા લોકોને સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે. અને મેળામાં કોઈ અનિચ્છય બનાવ બને તો તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમને કરવાની સલાહ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શ્રાવણ માસના સાતમ આઠમ અને નવમીના દિવસે ભરાતો મેઘરાજાનો ભાતીગળ મેળો ભરુચમાં 200 વર્ષથી ભરાય છે. આ મેળો શહેરના પાંચ બત્તી વિસ્તારથી લઈને ચકલા બજાર સુધી ભરાય છે. જેમાં ભરૂચ જિલ્લા સહિત આજુબાજુના જિલ્લાના લોકો મોટી સંખ્યામાં જોડાય છે.

. . . . . . . . . . .

# RAIN

રાજ્યના મોટાભાગના સ્થળોએ આજે સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો...ગાંધીનગર ખાતેજીથી જાહેર થયેલા બપોરના બાર વાગ્યા સુધીના વરસાદના આંકડા મુજબ રાજ્યમાં સવારે દસ વાગ્યથી બાર વાગ્યા સુધીમાં બાર તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.. જેમાં સૌથી વધુ અમદાવાદમાં સવા ઇંચ જેટલો વરસાદ આ સમયગાળા દરમિયાન ખાબક્યો હતો.. જ્યારે ગાંધીનગરના દહેગામમાં એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.. જ્યારે અમદાવાદમાં સવારથી જ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતા માર્ગો

ઉપર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી.. માર્ગો ઉપર વરસાદી પાણી ભરાયાં હતા, જોકે બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો. જ્યારે પાટનગર ગાંધીનગર ખાતે સવારથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. લાંબા સમયના વિરામ બાદ વરસાદ ફરી શરૂ થતાં ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો.

ભારે વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી.. વાવોલ, કુડાસણ, સરગાસણ, રાયસણ, પેથાપુર, રાંધેજા, પાલજ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા..ઉત્તર ગુજરાતમાં પણ મેઘમહેર જોવા મળી હતી..

બનાસકાંઠા જીલ્લામાં પણ આજે ધાનેરા, લાખણી લવાણા પાલડી દિયોદર ભાભર વિસ્તારના કેટલાક ગામડાઓમાં ક્યાંક હળવો તો ક્યાંક છૂટોછવાયો વરસાદ પડ્યો હતો, લાંબા વિરામ બાદ વરસાદ થતાં ખેડૂતો માં ખુશી જોવા મળી રહી છે..

છોટાઉદેપુર જિલ્લામાં ગત રાત્રી ના વીજળી ના કડાકા ભડાકા સાથે બોડેલી તાલુકામાં એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો, જયારે આજે વહેલી સવાર થી જ છોટાઉદેપુર નગર સહીત કવાંટ, નસવાડી, જેતપુર પાવી, બોડેલી અને સંખેડા તાલુકામાં પણ ધીમીધારે વરસાદ શરુ થતાં ખેતીને અનુકૂળ વરસાદ વરસ્યો હતો.

. . . . . . . . . . .

# MEHSANA- JIRU AAVAK

મહેસાણાના ઊંઝા માર્કેટયાર્ડમાં જીરુંની આવક સારી થઈ રહી છે. જીરાની 7 હજાર બોરીની આવક નોંધાઇ હતી. જીરાના ભાવમાં સુપર જીરાનો ભાવ રૂપિયા ત્રણ હજાર 700 થી બે હજાર 750 સુધીના રહ્યા

હતા. તો મીડીયમ જીરુંનો ભાવ રૂપિયા ત્રણ હજાર 500 થી ત્રણ હજાર 600નો રહ્યો. વરિયાળીની પણ દૈનિક એક હજાર 500 બોરીની આવક થઈ રહી છે. જેમાં પ્રીમિયમ ગ્રીન વરિયાળીના ભાવ રૂપિયા ત્રણ હજાર 500 થી ચાર હજાર  સુધીના રહ્યા. જ્યારે મીડીયમ ગ્રીનના ભાવ રૂપિયા એક હજાર 400 થી બે હજાર  સુધીના રહ્યા. માર્કેટયાર્ડમાં ઇસબગુલની પણ સારી આવક થઈ રહી છે. જેનો ભાવ રૂપિયા બે હજારથી  બે હજાર 100 અને ફોરેન કલરના રૂપિયા એક હજાર 800 થી એક હજાર 900 સુધીના રહ્યા.

. . . . . . . . . . .

## PENSION ADALAT

પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ગુજરાત વર્તુળ ,અમદાવાદ ખાનપુર ખાતે 26ઓગસ્ટ મંગળવારે સવારે 11 વાગ્યે પેન્શન અદાલતનું આયોજન કરાયું છે.

આ અદાલતમાં નીતિવિષયક મુદ્દાઓ સિવાયના પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે. પેન્શન સંબંધિત ફરિયાદો આસિસ્ટંટ ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીઝ-7, એકાઉન્ટ અને પેન્શન વિભાગ, મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી ગુજરાત વર્તુળ, ખાનપુર અમદાવાદ ખાતે 19

ઓગસ્ટ સુધી મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય બાદ મળેલ ફરિયાદ ધ્યાનમાં લેવાશે નહિ.

.........................................